# ભૂસ્તરશાસ્ત્રી (ભૂવૈજ્ઞાનિક)

ભૂસ્તરશાસ્ત્રી, ભૂસ્તરશાસ્ત્રના ક્ષેત્રમાં નિષ્ણાત છે, પૃથ્વી શું છે તેનો અભ્યાસ કરે છે. તેઓ આપણે જે ગ્રહ પર રહીએ છીએ તેના ઈતિહાસને સમજવા, ભવિષ્યની વધુ સારી રીતે આગાહી કરવા અને વર્તમાન ઘટનાઓને સમજાવવા માટે કામ કરે છે. ભૂસ્તરશાસ્ત્રીઓને જમીનનું સર્વેક્ષણ કરવા અને સુરક્ષિત મકાન યોજનાઓ તૈયાર કરવા માટે પણ કામ પર રાખવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનનો આનંદ માણો છો
- તમે સહજતાપૂર્વક ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. ભૂસ્તરશાસ્ત્રમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ભૂસ્તરશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૨,૨૦૦ થી ૮૩,૩૩૪* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Geologist/Salary

NCS Code: 2114.0100, CCode: SC013

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પર્યાવરણીય સંસ્થાઓ, નેચરલ સાયન્સ મ્યુઝિયમ, પર્યાવરણીય સુરક્ષા એજન્સીઓ, પ્રાદેશિક અને શહેરી આયોજન એજન્સીઓ સહિત અન્ય સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ હોઈ શકે છે. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ભૂસ્તરશાસ્ત્ર અથવા ભૂસ્તર વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ, વેરાવળ
૨. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, તમિલનાડુ
૩. અલાગપ્પા ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, તમિલનાડુ
૪. સેન્ટર ફોર ડિસ્ટન્સ લર્નિંગ એન્ડ કન્ટીન્યુઈંગ એજ્યુકેશન, મધ્યપ્રદેશ
૫. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, કોઈમ્બતુર
૬. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, સાલેમ
૭. ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ, થરાદ
૮. શ્રી પ્રતાપ કોલેજ, શ્રીનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. શ્રી એન. એ. પટેલ સાયન્સ કૉલેજ, ગોધરા
૨. એ.ડી.એમ. કોલેજ ફોર વુમન, નાગપટ્ટનમ
૩. એ.વી.એસ. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, સેલમ
૪. ડી.બી.એસ. પી.જી. કોલેજ, દેહરાદૂન
૫. દેવગિરી કોલેજ, ઔરંગાબાદ
૬. ડૉ. પાલપુ કૉલેજ ઑફ આર્ટસ એન્ડ સાયન્સ, પુથુસેરી
૭. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૮. શ્રી વી. જે. મોઢા કૉલેજ, પોરબંદર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec19_mm01/preview



## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → ભૂસ્તરશાસ્ત્રી → વરિષ્ઠ ભૂસ્તરશાસ્ત્રી → વિભાગના નાયબ નિયામક → વિભાગના નિયામક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

જીઓલૉજિસ્ટ, માઈનિંગ જીઓલૉજિસ્ટ, એન્જિનિયરીંગ જીઓલૉજિસ્ટ

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સુદીપ્તા સેનગુપ્તા** ભારતની પ્રથમ મહિલા ભૂસ્તરશાસ્ત્રી છે જે એન્ટાર્કટિકામાં કામ કરી રહી છે. પૃથ્વી વિજ્ઞાનમાં શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર મેળવનાર તે એકમાત્ર મહિલા છે. તેણીએ જાદવપુર યુનિવર્સિટીમાંથી બી.એસ.સી., એમ.એસ.સી. અને પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. તેણીએ વર્ષ ૧૯૭૦ અને ૧૯૭૩ દરમિયાન જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયામાં ભૂસ્તરશાસ્ત્રી તરીકે કામ કર્યું. ત્યારબાદ તેમણે લંડનની ઈમ્પીરીયલ કોલેજમાં ત્રણ વર્ષ સુધી પોસ્ટ ડોક્ટરલ સંશોધન કાર્ય હાથ ધર્યું. તેણીએ પોતાની આ યાત્રાનું વર્ણન કરતા ઘણા સૌથી વધુ વેચાણ ધરાવતા પુસ્તકો પણ લખ્યા છે.*

સ્રોત:https://thelifeofscience.com/2020/11/17/sudipta-geologist/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.